બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની નિવૃતિ સમયે રજાનું રોકડમાં રૂપાંતર બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: બમશ/ ૧૧/૨૦૧૩/૯૮/ગ,
સચિવાલય, ગાંધીનગર
તા :-૨૬/૩/૨૦૧૩.

વંચાણમાં લીધા :-

૧.. નાણા વિભાગના તારીખ: ૧૬/૭/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: એલવીઇ/૧૦૯૮/૧૦૨૪/પ.
૨. નાણા વિભાગના તારીખ: ૨૧/૪/૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક:જીએન-૧૪/આરજજેએ / ૨૦૦૬/યુઓ /૪૪૪-પી.
૩. નાણા વિભાગનો તારીખ: ૧૫/૧/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક: પીઇઆર/૧૦૦૯/૧૬/પે સેલ(મ)
૪. નાણા વિભાગનો તારીખ: ૩/૧૦/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧૦૦૯/૭૫/(પાર્ટ-૧)પે-સેલ(પી)
પ. કમિશ્નરશ્રી, શાળાની કચેરીના તારીખ: ૭/૨/૨૦૧૩ના અ.સ.પત્ર ક્રમાંક: ઘ/પે-૧/૨૦૫૫૧/૨૫૫૮.

આમુખ :-

કમિશ્નરશ્રી, શાળાઓના વંચાણે લીધેલ ક્રમાંક (૫) સામેના તારીખ: ૭/૨/૨૦૧૩ના પત્રથી નાણા વિભાગના તારીખ: ૧૫/૧/૨૦૧૦ના ઠરાવ મુજબ નિવૃતિ પછી ૩૦૦ રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવા બાબતે બિનસરકારી માધ્યમિક શિક્ષક સંઘ, બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવેલ રજુઆત અંગે માર્ગદર્શન આપવાની દરખાસ્ત સરકારને કરેલ હતી.

નાણા વિભાગના તારીખ: ૧૬/૭/૧૯૯૯ના ઠરાવમાં કરવામાં આવેલી જોગવાઇ મુજબ રાજયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ શિક્ષકો અને આચાર્યોને ૩૦૦ દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવાના હુકમો થયેલ છે ત્યારબાદ નાણા વિભાગના તારીખ: ૧૫/૧/૨૦૧૦ તથા તારીખ: ૩/૧૦/૨૦૧૨ના ઠરાવોના સંદર્ભમાં અમલીકરણ અંગે કેટલાક અર્થઘટનનો પ્રશ્નો ઉપસ્થિત થતા નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

સ્પષ્ટતા:-

રાજયની સરકારી, બિન સરકારી માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક શાળા,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યો ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધપગારી રજાઓનું તેમની નિવૃતિ સમયે બંને મળીને કુલ -૩૦૦ દિવસનું રોકડમાં રૂપાંતર કરવા દેવા માટેની જોગવાઇ કરવામાં આવી છે આ રોકડમાં રૂપાંતર પ્રાપ્ત રજા તથા જમા રહેલી અર્ધપગારી રજાના અડધા ભાગની રજા એમ બન્ને મળી કુલ-૩૦૦ (ત્રણસો દિવસ પુરા) દિવસની

મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવાના નાણા વિભાગના તારીખ: ૧૯/૭/૧૯૯૯ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

આ સ્પષ્ટતા આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ: ૨૨/૩/૨૦૧૩ની નોંધથી મળેલ મંજુરીથી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે.

(એ.વી.શાહ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી. શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા. ક. મંત્રીશ્રી. શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- .અગ્ર સચિવશ્રી,(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગર.
- અગ્ર સંચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,(નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય ગાંધીનગર.-
- કમિશ્નરશ્રી, શાળાઓ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર .(સંદર્ભિત હૂકમો, ઠરાવો સહિત)

, એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ, અમદાવાદ.

- પ્રમુખશ્રી, ગુજરાત રાજય આચાર્ય સંઘ, ગુજરાત રાજય.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, ગુજરાત રાજય.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શિક્ષકસંઘ, ગુજરાત રાજય.
- કોમ્પ્યુટર ઇન્ચાર્જ, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ. (ઓન લાઇન મૂકવા સારૂ.)
- નાયબ સેકશન અધિકારીશ્રીની સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ

-

-